© 2026 JETNR | Volume 4, Issue 4 April 2026 | ISSN: 2984-9276 | JETNR.ORG

JETNR
Journal of Emerging Trends and Novel Research
JETNR.ORG | ISSN : 2984-9276
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# ભારતમાં મહિલાઓના સશક્તિકરણ માટેની સરકારી યોજનાઓ:
# એક વિશ્લેષણાત્મક અભ્યાસ

**QURESHI NASRINBANU YUSUFBHAI**
(M.A., GSET., Ph.D Pursuing)
Research Scholar(VNSGU)
Ad-hoc Lecturer S.B. Garda College (Arts)& P.K. Patel College of Commerce , NAVSARI
nasrinkureshi422@gmail.com

## સારાંશ:-

મહિલા સશક્તિકરણનો અર્થ એ થાય છે કે મહિલાઓના સામાજિક,રાજકીય અને આર્થિક દરજ્જામાં સુધારો કરવો.સરકાર દ્વારા દેશમાં એવું વાતાવરણનું સર્જન કરવું જેથી મહિલાઓ શારીરિક,માનસિક શોષણ,દુર્વ્યવહાર અને પૂર્વગ્રહથી મુક્ત રહે કારણ કે તેઓ સમાજમાં સૌથી સંવેદનશીલ વર્ગમાં આવે.દેશના આર્થિક વિકાસમાં મહિલાઓના મહત્વને ઓળખીને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ સ્વતંત્રતા પછીના સમયથી મહિલાઓની ઉન્નતી માટે અનેક પ્રયત્નો કર્યા છે.સરકાર દ્વારા રોજગારી,સ્ત્રી સશક્તિકરણ,શ્રમદળમાં ભાગીદારી,શિક્ષણ,લિંગ સમાનતા અને ઉધોગસાહસિકતા જેવા ક્ષેત્રોમાં સ્ત્રીઓના પ્રશ્નો માટે વિવિધ પગલાઓ લેવામાં આવ્યા છે.આ સંશોધન પેપરમાં ભારત સરકાર દ્વારા મહિલાઓના સર્વાંગી વિકાસ માટે અમલમાં મુકવામાં આવેલી વિવિધ યોજનાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.મહિલાઓના આર્થિક,સામાજિક અને શૈક્ષિણક વિકાસ માટે રચાયેલ યોજનાઓ કેવી રીતે અસરકારક સાબિત થઇ રહી છે તથા મહિલાઓના જીવનમાં કેવી રીતે હકારાત્મક પરિવર્તન લાવી રહી છે તે આ અભ્યાસનું કેન્દ્રબિંદુ છે.

**KEY WORDS**: મહિલા સશક્તિકરણ,સરકારી યોજનાઓ,સામાજિક વિકાસ,આર્થિક સશક્તિકરણ, શૈક્ષણિક વિકાસ,કલ્યાણકારી નીતિઓ,મહિલા આરોગ્ય, કૌશલ્ય વિકાસ

## પ્રસ્તાવના:-

મહિલાઓનો વિકાસએ કોઇ એકજ વિભાગ કે ક્ષેત્રો સુધી મર્યાદિત રહ્યો નથી.તે તો શૈક્ષિણ,આર્થિક,સામાજિક અને રાજકીય સ્તરે તેમની સક્રિય ભાગીદારી અને સશક્તિકરણ સાથે જોડાયેલો છે.ભારત જેવા વિકસિત દેશમાં મહિલાઓનો મોટો હિસ્સો હજુ પણ પરંપરાગત બંધનો અને સામાજિક અવરોધો વચ્ચે જીવે છે ત્યાં સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી વિવિધ યોજનાઓ તેમના ઉત્થાન માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.મહિલાઓને આર્થિક પ્રવુત્તિઓમાં ભાગ લેવા માટે સશક્ત બનાવવી જેથી મજબૂત અર્થતંત્રનું નિર્માણ કરી શકાય.વિવિધ આર્થિક પ્રવુંત્તિઓમાં મહિલાઓની ભાગીદારી દ્વારા થયેલું આર્થિક સશક્તિકરણ તેમને સામાજિક અને આર્થિક તકો,સ્થાનિક અને દેશના રાજકારણમાં પ્રતિનિધિત્વ,સામાજિક સમાનતા,કાનૂની અધિકારો,અને સમુદાય વિકાસ જેવા વિભાગોમાં સશક્ત બનાવે છે,જે રાષ્ટ્રીય વિકાસ તરફ દોરી જાય છે.લિંગ સમાનતા,ગર્ભમાં રહેલી બાળકીના રક્ષણથી લઈને કાર્યસ્થળ પર કાર્યરત મહિલાઓનું રક્ષણ,મહિલા ઉધોગ સાહસિકતા પ્રોત્સાહન જેવી અનેક પહેલો સરકાર દ્વારા કરવામાં આવી છે.મહિલાઓની કાર્યક્ષમતાને વિકસાવવા માટે સરકારે કૌશલ્ય વિકાસ યોજના

શરુ કરી છે.સરકાર "મહિલા વિકાસ" નહિ પરંતુ "મહિલા નેતૃત્વ હેઠળ વિકાસ" તરફ આગળ વધી રહી છે જે મહિલાઓને સુરક્ષિત અને સશક્તિકરણને પ્રોત્સાહન પૂરું પાડતું વાતાવરણ નું સર્જનમાં પરિણમશે.ભારત જેવા વિકાસશીલ દેશોમાં મહિલાઓના સર્વાંગી વિકાસને રાષ્ટ્રીય પ્રગતિ માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

## હેતુઓ:-

(૧) ભારતમાં મહિલાઓના વિકાસ માટે અમલમાં મુકવામાં આવેલી મુખ્ય સરકારી યોજનાઓની રચના,અમલ અને તેની પહોંચની સમિક્ષા કરવી.
(૨) બેટી બચાવો બેટી પઢાઓ,સુકન્યા સમૃદ્ધિ યોજના,પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના અને પ્રધાનમંત્રી માતૃવંદના યોજના,લખપતિ દીદી યોજના,વન સ્ટોપ સેન્ટર યોજના જેવી મુખ્ય યોજનાઓના સામાજિક અને આર્થિક અસરનું વિશ્લેષણ કરવું.
(૩)મહિલાઓના આર્થિક સશક્તિકરણને પ્રોત્સાહન આપવા માટે નાણાંકીય અને કૌશલ્યવિકાસની પહેલોની ભૂમિકાનું મૂલ્યાંકન કરવું.
(૪) ગ્રામીણ સ્તરે મહિલાઓ સુધી લાભ પહોચાડવામાં સરકાર અને બિન સરકારી સંસ્થાઓ વચ્ચેની ભાગીદારીનું મૂલ્યાંકન કરવું.
(૫) ગ્રામીણ અને વંચિત સમુદાયોમાં મહિલાઓ દ્વારા આ યોજનાઓનો ઉપયોગ અને લાભ મેળવવામાં આવતી અડચણો અને અવરોધોની ઓળખ ઉભી કરવી.
(૬) મહિલા કેન્દ્રિત વિકાસ કાર્યક્રમોની પહોંચ અને અસરકારકતા વધારવા માટે વિવિધ વ્યૂહરચનાઓ સૂચવવી.
(૭) દરેક યોજનાના લક્ષણો,અમલની રીત અને અસરકારકતાનું મૂલ્યાંકન કરવું.

## ❖ સંબંધિત સાહિત્યની સમિક્ષા

**(૧)ડૉ.તનુશ્રી સરકેર(૨૦૧૭)** દ્વારા "Women development and government schemes with special reference to kishori shakti yojana(ksy) વિષય પર સંશોધન પેપર રજૂ કર્યું હતું.આ સંશોધન પેપર ગૌણ માહિતીના આધારે તૈયાર કરવામાં આવ્યું છે.ઉત્તર અને પૂર્વ રાજ્યોમાં મહિલાઓના વિકાસ માટે કિશોરી શક્તિ યોજનાની ભૂમિકાનું વિશ્લેષણ આ પેપરમાં કરવામાં આવ્યું છે.અગાઉ આ યોજના કિશોરી શક્તિ યોજના તરીકે ઓળખાતી હતી.આ અભ્યાસનો સારાંશ એ છે કે માનવવિકાસ એ માનવક્ષમતા અને સંભવિતતાનો ટકાઉ વિકાસ છે,માનવ વિકાસ માટે સ્ત્રીઓ અને પુરુષના સર્વાંગી વિકાસ માટે સમાન તકો હોવી એ ખૂબ જરૂરી છે.ભારતના ઉત્તર પૂર્વીય રાજ્યો જેમ કે આસામ, અરુણાચલ, મણીપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ,સિક્કીમ પ્રદેશોની મહિલાઓ દેશના અન્ય ભાગોની તુલનામાં વધુ સારા સ્થાને છે,છતાં ગ્રામીણ વિસ્તારોની મહિલાઓનો વિકાસ એ સ્તરે નથી.આસામ અન્ય રાજ્યોની તુલનામાં થોડું આગળ છે.આ સંશોધન પેપરમાં એ બાબત પણ જાણવા મળી છે કે ઘણા ગ્રામીણ વિસ્તારોની મહિલાઓ હજુ પણ સરકારની યોજનાઓ અને તેનાથી મળતા લાભોથી અજાણ છે.કિશોરી શક્તિ યોજનાનો ઉદ્દેશ દર વર્ષે એક કરોડ કિશોરીઓને આવરી લેવાનો છે પરંતુ હજુ પણ મોટી સંખ્યામાં કિશોરીઓ મોટી સંખ્યામાં આ યોજનામાં સામેલ થવાની બાકી છે તેથી ગ્રામીણ વિસ્તારોમાં લોકોમાં જાગૃતિ લાવવી જરૂરી છે,તથા સરકારના ફંડના યોગ્ય ઉપયોગ માટે ઈમાનદાર અધિકારીઓની જરૂર છે જેથી જરૂરિયાતમંદ સુધી લાભ પહોંચી શકે.

**(2) નિયાઝ અને સહલેખકો(૨૦૨૧)** દ્વારા કરાયેલ સંશોધન "Impact of Government Welfare Schemes On Empowerment Of Minority Women In Karnataka"ના અભ્યાસમાં એ સંશોધનનો મુખ્ય હેતુ અલ્પસંખ્યક મહિલાઓમાં (લઘુમતી મહિલાઓમાં)સરકારી કલ્યાણકારી યોજનાઓની જાગૃતિ અને યોજનાના ઉપયોગથી તેમના સશક્તિકરણ પર પડતા પ્રભાવનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.આ અભ્યાસમાં કર્ણાટક રાજ્યમાં ૩૮૮ અલ્પસંખ્યક મહિલાઓનો નિદર્શ લઈને પ્રાથમિક માહિતી પ્રશ્નાવલી દ્વારા એકત્રિત કરવામાં આવી હતી.આ સંશોધનમાં સરળ યદ્રછ નિદર્શ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો,આ ઉપરાંત માહિતીના વિશ્લેષણ માટે નિયતસબંધ અને એનોવા જેવી આંકડાકીય પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.આ અભ્યાસનું તારણ એ છે કે મોટાભાગની મહિલાઓને સરકારી યોજનાઓ વિશે પુરતી માહિતી ન હતી,ખાસ કરીને શિક્ષણ અને કૌશલ્ય વિકાસ સબંધિત યોજનાઓમાં જાગૃતિ ઓછી હતી,માત્ર કેટલીક યોજનાઓ જેવી કે પ્રિ-મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાનો ઉપયોગ વધારે પ્રમાણમાં થયો હતો.જયારે અન્ય યોજનાઓનો ઉપયોગ ઓછો થયો હતો.માહિતીનું વિશ્લેષણ દર્શાવે છે કે યોજનાઓ અંગે જાગૃતિ વધે તો યોજનાઓનો ઉપયોગ વધે.આ અભ્યાસ દર્શાવે છે કે માત્ર યોજનાઓ બનાવવી પુરતું નથી પરંતુ તેની યોગ્ય અમલવારી અને જાગૃતિ ખુબજ મહત્વપૂર્ણ છે.ગરીબી,નિરક્ષરતા અને માહિતીના અભાવને કારણે મહિલાઓ પુરતો લાભ લઇ શકતી નથી.

**(3) ડૉ.ચીન્થ્મ લાવણ્ય(૨૦૨૨)** દ્વારા કરાયેલ સંશોધન “Welfare Schemes and Administration Programmes For Women In India- A Study” માં ભારતમાં મહિલાઓના કલ્યાણ માટે સરકાર દ્વારા વિવિધ યોજનાઓ,નીતિઓ અને કાયદાઓ અમલમાં મુક્યા છે.”કલ્યાણ”નો અર્થ નાગરિકોને લઘુત્તમ જીવનસ્તર અને સામાજિક સુરક્ષા પૂરી પાડવાની છે,જેમાં સરકાર મુખ્ય ભૂમિકા ભજવે છે.ઇતિહાસમાં મહિલાઓની સ્થિતિ નબળી હતી પરંતુ મહાત્મા ગાંધી,રાજા રામમોહનરાય અને ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર જેવા સુધારકોએ મહિલાઓના અધિકારો માટે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.શિક્ષણ અને આરોગ્યક્ષેત્રે સર્વ શિક્ષા અભિયાન અને રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન જેવી યોજનાઓ દ્વારા વિકાસ થયો છે.કાયદાકીય રીતે પણ મહિલાઓને સમાન અધિકાર આપવામાં આવ્યા છે,છતાં ભેદભાવ હજુ પણ અસ્તિત્વમાં છે.મહિલા સશક્તિકરણ માટે બેટી બચાવો-બેટી પઢાઓ,વન સ્ટોપ સેન્ટર,વુમન હેલ્પલાઇન,ઉજ્જ્વલા યોજના અને વર્કિંગ વુમન હોસ્ટેલ જેવી યોજનાઓ મહત્વપૂર્ણ છે,જે સુરક્ષા,શિક્ષણ અને આર્થિક સ્વાવલંબનને પ્રોત્સાહન આપે છે.આ અભ્યાસનું તારણ એ છે કે ભારત સરકારે મહિલાઓના કલ્યાણ માટે અનેક નીતિઓ અને યોજનાઓ અમલમાં મૂકી છે છતાં તેની અસરકારક અમલવારી અને જનજાગૃતિમાં હજી સુધારાની જરૂર છે.મહિલાઓના સશક્તિકરણ માટે માત્ર કાયદા અને યોજનાઓ પૂરતી નથી,પરંતુ સામાજિક દ્રષ્ટિકોણમાં પરિવર્તન લાવવું ખુબ અગત્યનું છે.

**(4)ફોગટ રુચી(૨૦૨૪)** દ્વારા“Evaluating government scheme for promoting women entrepreneurship” વિષય પર સંશોધન કરવામાં આવ્યું હતું.આ અભ્યાસમાં પ્રાથમિક અને ગૌણ માહિતીનો ઉપયોગ કરી માહિતી એકત્રિત કરવામાં આવી હતી અને નિદર્શ તરીકે ૩૦૦ ઉત્તરદાતાની પસંદગી કરવામાં આવી હતી.આ સંશોધનના મુખ્ય હેતુઓ જોઇએ તો (૧) ગુજરાતમાં મહિલાઓના ઉદ્યોગ સાહસિક વિકાસ માટેના વિવિધ પરિબળોમાંથી મુખ્યત્વે ત્રણ પાસા જેમકે વ્યક્તિગત,પર્યાવરણીય અને રાજકીય પાસાઓનું વિશ્લેષણ કરવાનો હેતુ.(૨)ગુજરાતમાં મહિલાઓના ઉદ્યોગ સાહસિક વિકાસ માટે સરકાર દ્વારા અનેક સહાયક યોજનાઓ અમલમાં મૂકી તેનો અભ્યાસ કરવાનો હેતુ.(૩)ગુજરાતમાં મહિલા ઉદ્યોગ સાહસિક વિકાસ માટે વિવિધ સંસ્થાઓ દ્વારા તાલીમ,મેન્ટરશીપ,નાણાકીય સહાય જેવો તકો પૂરો પાડવામાં આવ્યો તેનો અભ્યાસ કરવાનો હેતુ.આ અભ્યાસનું મુખ્ય તારણ એ છે કે મુદ્રા યોજના અને પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના અંગે જાગૃતિ વધારવા ડીજીટલ પ્લેટફોર્મ,સોશિયલ મીડિયા અને પરંપરાગત પ્રચાર પધ્ધતિ કરવામાં આવ્યો તથા મુદ્રા યોજના અને પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ જેવી યોજનાઓ માટે અરજી પ્રકિયાને સરળ અને ડીજીટલ બનાવ્યો જેથી મહિલાઓની ભાગીદારી વધી શકે,એજ રીતે જે નાણાકીય સહાય આપવામાં આવે તે મહિલાઓની જરૂરિયાતોને અનુરૂપ જોવા મળી.

## ❖ ભારતમાં મહિલાઓના વિકાસ અને સશક્તિકરણ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. મુખ્ય યોજનાઓ નીચે મુજબ છે:

### (૧) બેટી બચાવો- બેટી પઢાવો:-

બેટી બચાવો બેટી પઢાવો યોજના ભારત સરકાર દ્વારા 22 જાન્યુઆરી 2015ના રોજ શરૂ કરવામાં આવી હતી. આ યોજના ખાસ કરીને બાળકીના જન્મ અને શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે બનાવવામાં આવી છે. ભારતમાં બાળ લિંગ પ્રમાણ એ ઘટતો જતો ગંભીર ચિંતાનો વિષય બન્યો હતો. બાળકી પ્રત્યે ભેદભાવ, ગર્ભમાં જ બાળકીની હત્યા અને શિક્ષણમાં અસમાનતા જેવી સમસ્યાઓ દૂર કરવા માટે આ યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજનાના મુખ્ય હેતુઓ જેવો કે (૧) બાળ લિંગ પ્રમાણમાં સુધારણા લાવવું. (૨) બાળકીના જન્મને પ્રોત્સાહન આપવું.(૩)બાળકીના શિક્ષણને પ્રોત્સાહન આપવું.(૪)મહિલાઓ પ્રત્યેના સામાજિક ભેદભાવને દૂર કરવો. ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા બેટી બચાવો-બેટી પઢાવોયોજનાના પ્રથમ તબક્કામાં રાજ્યના ચાર જિલ્લાઓ જેમકે પાટણ આણંદ ભાવનગર અને અમરેલીમાં શરૂ કરવામાં આવી. ત્યારબાદ બીજા તબક્કામાં સુરત મહેસાણા અમદાવાદ ગાંધીનગર અને રાજકોટમાં તેમજ રાજ્યના 13 જિલ્લાઓ જેમકે વડોદરા,વલસાડ, નર્મદા, ખેડા, પંચમહાલ, દાહોદ, કચ્છ, સાબરકાંઠા, જામનગર, જૂનાગઢ પોરબંદર, બનાસકાંઠા અને સુરેન્દ્રનગરમાં શરૂ કરવામાં આવી. આ યોજના અંતર્ગત રાજ્ય કક્ષાની ગ્રાન્ટમાં ૬૦ ટકા ફાળો કેન્દ્ર સરકાર નો અને ૪૦ ટકા ફાળો રાજ્ય સરકારનો રહેશે.

**(2) સુકન્યા સમૃદ્ધિ યોજના** :- સુકન્યા સમૃદ્ધિ યોજના ભારત સરકાર દ્વારા સમર્પિત એક મહત્વપૂર્ણ બચત યોજના છે. જે ખાસ કરીને કન્યાઓના માતા-પિતાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય હેતુ માતા પિતાને પોતાની દીકરીના ભવિષ્યના શિક્ષણ અને લગ્ન માટે નાણાકીય ભંડોળ એકત્રિત કરવા પ્રોત્સાહિત કરવાનો છે. આ યોજના 22 જાન્યુઆરી 2015 ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા બેટી બચાવો બેટી પઢાવો અભિયાનના

ભાગરૂપે શરૂ કરવામાં આવી હતી. હાલમાં આ યોજનામાં આશરે 8.2% વ્યાજ દર સાથે કર લાભો પણ આપવામાં આવે છે. આ ખાતું કોઈ પણ પોસ્ટ ઓફિસ અથવા અધિકૃત બેંકમાંથી સરળતાથી ખોલી શકાય છે. 12 ડિસેમ્બર 2019 ના રોજ જૂના નિયમો રદ કરીને નવી સુકન્યા સમૃદ્ધિ ખાતા યોજના 2019 અમલમાં આવી હતી. જે વધુ સુવિધાજનક અને સુધારેલી છે. 1 જાન્યુઆરી 2024 થી સુકન્યા સમૃદ્ધિ ખાતા માટે સુધારેલ વ્યાજ દર 8.2% છે આ ખાતું છોકરીના જન્મથી લઈને તે દસ વર્ષની થાય ત્યાં સુધી માતા-પિતા અથવા વાલી દ્વારા ગમે ત્યારે ખોલી શકાય છે,દરેક બાળક માટે માત્ર એક જ ખાતું ખોલવાની મંજૂરી છે. આ ખાતું ભારતમાં ગમે ત્યાં ટ્રાન્સફર કરી શકાય છે. ખાતું ખોલાવતી વખતે ઓછામાં ઓછા રૂપિયા 250 જમા કરાવવા પડે છે, અને ત્યારબાદ રૂપિયા ૧૦૦ના ગુણાંકમાં રકમ જમા કરી શકાય છે. જ્યારે મહત્તમ વાર્ષિક મર્યાદા રૂપિયા 1,50,000 છે. જો ન્યૂનતમ રકમ જમા ન થાય તો રૂપિયા 50 નો દંડ વસૂલ થાય છે.છોકરી ૧૦ વર્ષની થાય પછી પોતે ખાતું ચલાવી શકે છે. અને 18 વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ માટે 50% રકમ ઉપાડી શકે છે. આ ખાતું 21 વર્ષ પછી પરિપક્વ થાય છે અને તેમાં 15 વર્ષ સુધી જમા કરી શકાય છે. જો છોકરી અઢાર વર્ષની ઉંમર પછી લગ્ન કરે તો ખાતું સમય પહેલા બંધ કરવાની પણ મંજૂરી આપવામાં આવે છે.

**(૩) પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના** :- પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના એ ભારત સરકાર અંતર્ગત નરેન્દ્ર મોદી દ્વારા 1 મે 2016 ના રોજ શરૂ કરવામાં આવેલી મહત્વપૂર્ણ કલ્યાણકારી યોજના છે. આ યોજનાનો મુખ્ય હેતુ ગરીબી રેખા નીચે (BPL) આવતા પરિવારોની મહિલાઓને સ્વચ્છ અને સુરક્ષિત રસોઈ માટે ઇંધણ એલપીજી ઉપલબ્ધ કરાવવાનો છે. આ યોજના મહિલાઓના આરોગ્ય સશક્તિકરણ અને પર્યાવરણ સંરક્ષણ સાથે સીધી રીતે જોડાયેલી છે. ભારતના ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ પરંપરાગત ઈંધણ જેમ કે લાકડું,છાણા,કોલસાનો ઉપયોગ કરીને રસોઈ બનાવતી હતી,સાથે ભારે ધુમાડો થતો હતો જે શ્વસન સંબંધિત રોગો અને આરોગ્ય સમસ્યાઓનું કારણ બનતો હતો ઉપરાંત મહિલાઓને ઈંધણ એકત્રિત કરવા માટે ઘણો સમય અને પરિશ્રમ કરવો પડતો હતો. આ સમસ્યાઓના ઉકેલ માટે ઉજ્જ્વલા યોજના શરૂ કરવામાં આવી. આ યોજનાના મુખ્ય હેતુઓ જેવા કે (૧) ગરીબ પરિવારોની મહિલાઓને મફત એલપીજી કનેક્શન આપવું.(૨)મહિલાઓના આરોગ્યમાં સુધારો લાવવો.(૩)પર્યાવરણ પ્રદૂષણ ઘટાડવું.(૪)મહિલાઓને સશક્ત બનાવવું. 8 કરોડથી વધુ એલપીજી કનેક્શન આપવામાં આવ્યા. વર્ષ 2021માં યોજનાઓનું વિસ્તરણ કરીને ઉજ્જ્વલા 2.0 શરૂ કરવામાં આવી. જેમાં વધુ એક કરોડ પરિવારોને LPG કનેક્શન આપવામાં આવ્યા. આ તબક્કામાં ખાસ કરીને સ્થળાંતરિત મજૂરોને સરળ પ્રક્રિયા દ્વારા લાભ આપવામાં આવ્યો. આ યોજના લાભાર્થીઓમા ગરીબી રેખા નીચેના પરિવારોની મહિલાઓ એસસી,એસટી જાતિના લોકો, પ્રધાનમંત્રી આવાસ યોજના, અંત્યોદયઅન્ન યોજના વગેરેના લાભાર્થીઓ, જંગલ વિસ્તાર અને પછાત વર્ગની મહિલાઓનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના મહિલાઓના કલ્યાણ અને સશક્તિકરણ માટે મહત્વપૂર્ણ છે. આ યોજના માત્ર સ્વચ્છ ઇંધણ પૂરું પાડતી નથી, પરંતુ આરોગ્ય પર્યાવરણ અને સામાજિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

**(૪) પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના**:- ભારત સરકાર દ્વારા અમલમાં મુકાયેલ એક મહત્વપૂર્ણ માતૃત્વ કલ્યાણ યોજના છે.આ યોજનાનો પ્રારંભ મૂળરૂપે ૨૦૧૦માં "ઇન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના(IGMSY)" તરીકે થયો હતો અને ૨૦૧૭માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા તેનું નામ બદલી પ્રધાનમંત્રી માતૃવંદના યોજના રાખવામાં આવ્યું.આ યોજના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા અમલમાં મુકવામાં આવે છે અને તે ૧૯ વર્ષ કે તેથી વધુ ઉંમરની ગર્ભવતી તથા સ્તનપાન કરાવતી મહિલાઓના પ્રથમ જીવંત સંતાન માટે આર્થિક સહાય પૂરી પાડે છે. આ યોજના અંતર્ગત મહિલાઓને ગર્ભાવસ્થા પ્રસુતિ અને બાળ સંભાળ દરમિયાન થતી આવકની ખોટના ભાગરૂપે વળતર આપવામાં આવે છે. તેમજ સુરક્ષિત પ્રસુતિ યોગ્ય પોષણ અને સ્તનપાન જેવી સકારાત્મક પ્રથાઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે. રાષ્ટ્રીય ખાધ્ય સુરક્ષા અધિનિયમ ૨૦૧૩ હેઠળ આ યોજનાને સામેલ કરીને માતૃત્વ લાભ તરીકે આશરે રૂપિયા ૬૦૦૦ સુધીની સહાય આપવામાં આવે છે. જે વિવિધ તબક્કામાં શરતો આધારે ચૂકવવામાં આવે છે, જેમ કે ગર્ભ નોંધણી, આરોગ્ય તપાસ,રસીકરણ અને બાળકની સંભાળ સબંધિત સેવાઓનો ઉપયોગ.આ યોજનાનો મુખ્ય હેતુ (૧)માતા અને શિશુના આરોગ્યમાં સુધારો લાવવો.(૨)માતૃત્વ અને શિશુ મૃત્યુદર ઘટાડવો.(૩)મહિલાઓને આર્થિક અને પોષણ આધાર પૂરો પાડવાનો છે. PMMVY ૨.0 અંતર્ગત ડિજિટલ સુવિધાઓ દ્વારા મહિલાઓને પોતે અરજી કરવાની અને સ્થિતિ તપાસવાની સરળતા પણ આપવામાં આવી છે જેથી વધુ મહિલાઓ આ યોજનાઓનો લાભ લઇ શકે.

## (5) લખપતિ દીદી યોજના :-

લખપતિ દીદી યોજનાની સત્તાવાર શરૂઆત વર્ષ 2023માં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી.આ યોજના ભારત સરકાર દ્વારા મહિલાઓના આર્થિક સશક્તિકરણ માટે શરુ કરવામાં આવેલી મહત્વપૂર્ણ યોજના છે.આ યોજનાનો મુખ્ય હેતુ ગ્રામીણ વિસ્તારોમાં સ્વસહાય જૂથો સાથે જોડાયેલી મહિલાઓને આર્થિક રીતે મજબુત બનાવી તેમને "લખપતિ"(વાર્ષિક આવક રૂપિયા એક લાખ અથવા વધુ) બનાવવાનો છે.આ યોજના હેઠળ મહિલાઓને વિવિધ કૌશલ્યક વિકાસ,તાલીમ,નાણાંકીય સાક્ષરતા,ઉધોગ સ્થાપન માટે માર્ગદર્શન અને લોનની સુવિધા આપવામાં આવે છે.મહિલાઓને નાના ઉધોગો,ગૃહ ઉધોગો,કૃષિ સબંધિત પ્રવુત્તિઓ,પશુપાલન,હસ્તકલા અને સેવાકીય ક્ષેત્રોમાં પ્રોત્સાહન આપવામાં આવે છે.જેથી તેઓ સ્વરોજગાર દ્વારા પોતાની આવક વધારી શકે.આ યોજના ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવામાં અને ગરીબી ઘટાડવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

## (6)વન સ્ટોપ સેન્ટર યોજના (OSC) :-

વન સ્ટોપ સેન્ટર યોજના ભારત સરકાર દ્વારા મહિલાઓની સુરક્ષા અને સહાય માટે શરુ કરવામાં આવેલી મહત્વપૂર્ણ યોજના છે.આ યોજના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની સરકાર દ્વારા ૧ એપ્રિલ 2015માં શરુ કરવામાં આવી હતી.આ યોજનાનો મુખ્ય હેતુ હિંસાનો ભોગ બનેલી મહિલાઓને એકજ સ્થળે તમામ જરૂરી સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો છે.OSC કેન્દ્રોમાં મહિલાઓને તાત્કાલિક સહાય,તબીબી સારવાર,પોલીસ સહાય,કાનૂની માર્ગદર્શન,કાઉન્સેલીંગ અને તાલીમ આશ્રય જેવી સુવિધાઓ આપવામાં આવે છે.આ યોજના હેઠળ ઘરેલું હિંસા, યૌન શોષણ,દહેજ હેરાનગતિ,એસીડ હુમલા,માનવ તસ્કરી જેવી ઘટનાઓમાં પીડિત મહિલાઓને સહાય આપવામાં આવે છે.મહિલાઓ આ સેવાઓ સીધી OSC કેન્દ્ર પર જઈને અથવા મહિલા હેલ્પલાઈન ૧૮૧ દ્વારા મેળવી શકે છે.વન સ્ટોપ સેન્ટર યોજના મહિલાઓને સુરક્ષા અને ન્યાય પ્રાપ્ત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને તેમના સશક્તિકરણ માટે એક અસરકારક પગલું છે.

## સંશોધન પધ્ધતિ :-

આ સંશોધન મુખ્યત્વે ગૌણ માહિતી આધારિત છે.માહિતી એકત્રિત કરવા માટે વિવિધ પુસ્તકો,સંશોધન લેખો,સંશોધન લેખો,સરકારી અહેવાલો,વિવિધ વેબસાઈટ અને જર્નલનો ઉપયોગ કરવામાં આવ્યો છે.માહિતીનું વિશ્લેષણ વર્ણનાત્મક પધ્ધતિ દ્વારા કરવામાં આવ્યું છે.વિવિધ યોજનાઓના હેતુઓ,લક્ષણો,અમલની પ્રક્રિયા અને તેની અસરકારકતાનો તુલનાત્મક અભ્યાસ પણ કરવામાં આવ્યો છે.આ અભ્યાસ દ્વારા મહિલાઓના વિકાસમાં યોજનાઓની ભૂમિકા અને તેની અસર અંગે નિષ્કર્ષ મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## સૂચનો:-

(૧)સોશિયલ મીડિયા, રેડિયો, અને સ્થાનિક ગ્રામસભાઓ દ્વારા પ્રાદેશિક ભાષામાં આ યોજનાઓનો પ્રચાર કરવો જોઈએ. 'લખપતિ દીદી' જેવી નવી યોજનાઓ માટે સફળ મહિલાઓની 'સફળતાની સ્ટોરી' બતાવવી જોઈએ.

(૨) ગ્રામીણ મહિલાઓને મોબાઈલ એપ કે ઓનલાઈન પોર્ટલનો ઉપયોગ કરતા શીખવવું જોઈએ જેથી તેઓ વચેટિયાઓ (middlemen) વગર સીધો લાભ મેળવી શકે.

(૩) મહિલાઓ દ્વારા ઉત્પાદિત વસ્તુઓને 'ઈ-કોમર્સ' (જેમ કે એમેઝોન, ફ્લિપકાર્ટ) કે સરકારી 'GeM' પોર્ટલ સાથે જોડવી જોઈએ, જેથી તેમને તેમની મહેનતનું યોગ્ય વળતર મળે અને તેઓ ખરેખર 'લખપતિ' બની શકે.

(૪) તાલુકા કક્ષાએ વધુ વન સ્ટોપ સેન્ટરો ખોલવા જોઈએ અને ત્યાં કામ કરતા સ્ટાફને વધુ સંવેદનશીલ બનાવવાની તાલીમ આપવી જોઈએ.

(૫) શાળામાં જતી કિશોરીઓ માટે ખાસ પોષણક્ષમ આહાર યોજનાઓ અને આરોગ્ય તપાસણી (Anemia Checkup) ને આ યોજનાઓ સાથે વધુ સઘન રીતે સાંકળવી જોઈએ.

(૬) સરકારે દરેક જિલ્લાવાર આ યોજનાઓના લાભાર્થીઓનો રીઅલ-ટાઈમ ડેટા જાહેર કરવો જોઈએ, જેથી જાણી શકાય કે કયા વિસ્તારમાં યોજના નબળી પડી રહી છે અને ત્યાં સુધારા કરી શકાય.

**તારણો** :-૧. ભારત સરકારની આ યોજનાઓ મહિલાઓના શિક્ષણ, સ્વાસ્થ્ય, સુરક્ષા અને આર્થિક સ્વાવલંબનને સાંકળીને તેમના સર્વાંગી વિકાસ માટેનું મજબૂત માળખું પૂરું પાડે છે.

૨. 'બેટી બચાવો-બેટી પઢાવો' જેવી યોજનાઓ દ્વારા સમાજમાં કન્યાઓના જન્મ અને શિક્ષણ પ્રત્યેની માનસિકતામાં સકારાત્મક પરિવર્તન આવી રહ્યું છે.

૩. 'સુકન્યા સમૃદ્ધિ' અને 'લખપતિ દીદી' જેવી આર્થિક યોજનાઓ ગ્રામીણ મહિલાઓને આર્થિક રીતે સ્વતંત્ર બનાવીને ગરીબી નિવારણમાં નોંધપાત્ર યોગદાન આપી રહી છે.

૪. 'ઉજ્જ્વલા' અને 'માતૃ વંદના' યોજનાઓએ મહિલાઓના સ્વાસ્થ્ય અને પોષણ સ્તરમાં સુધારો લાવીને માતૃત્વ તથા શિશુ મૃત્યુદરમાં ઘટાડો કરવામાં મદદ કરી છે.

૫. 'વન સ્ટોપ સેન્ટર' જેવી વ્યવસ્થાઓ હિંસાનો ભોગ બનેલી મહિલાઓને સુરક્ષા અને કાનૂની સહાય એક જ સ્થળે પૂરી પાડીને તેમને ઝડપી ન્યાય અપાવવામાં અસરકારક સાબિત થઈ છે.

## સંદર્ભસૂચી

(૧) Panakaje, N., Kulal, A., Pandavarakallu, M. T., & Jaleel, A. (2021). Impact of government welfare schemes on empowerment of minority women in Karnataka. *International Journal of Management, Technology, and Social Sciences (IJMTS)*, *6*(2).

(૨) Sarker, T. (2017). Women Development and Government Schemes with Special Reference to Ksy. *IOSR Journal Of Humanities And Social Science (IOSR-JHSS) Volume*, *17*, 37-41.

(૩) Sarker, T. (2017). Women Development and Government Schemes with Special Reference to Ksy. *IOSR Journal Of Humanities And Social Science (IOSR-JHSS) Volume*, *17*, 37-41.

(૪) LAVANYA, C. (2022). Welfare schemes and administration programmes for women in India–A study. *Journal Homepage: http://ijmr. net. in*, *10*(10).

(૫) List of Women Empowerment Schemes in India 2025

(૬) http://hdl.handle.net/10603/633043

(૭)https://wcdhry.gov.in/schemes-for-women/#:~:text=Schemes%20For%20Women&text=1,for%20supporting%20women%20in%20distress.&text=2,sex%20ratio%20through%20societal%20change.

(૮)https://wcd.gujarat.gov.in/uploads/pdf/Grs32MJCP1W6O-bp_-UL7s9DBeSr_TLGj0E.pdf

(૯) https://www.pmuy.gov.in/index.aspx

(૧૦)matru vandana yojana pdf - Search

(૧૧)https://wcd.gujarat.gov.in/uploads/pdf/Grs32MJCP1W6O-bp_-UL7s9DBeSr_TLGj0E.pdf

(૧૨)MissionShaktiGuidelines.pdf

(૧૩) https://en.wikipedia.org/wiki/Sukanya_Samriddhi_Account